

અર્હદ્
પ્રેરણા પત્ર
❖ વર્ષ : 32 ❖ અંક : 3 ❖ S.No. : 479
❖ તા.16-6-2025 ❖ જૂન
છૂટક નકલ : રૂા. 6/-

## મણીલક્ષ્મી તીર્થ (ગુજરાત) મધ્યે વંદે શાસનમ્ ટીનેજર્સ શિબિરનું સુંદર આયોજન



























વસઈ ગ્રુપ દ્વારા ગરીબોમાં માટલા તથા સ્ટીલના ગ્લાસનું વિતરણ

ભાયંદર ગ્રુપ દ્વારા એલર્ટ મુંબઈ મિલનનું સુંદર આયોજન

तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्


અર્હદ્
# પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 3
S.No. : 479 ❖ વિ.સં.2081
તા.16-6-2025 ❖ જૂન

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**



## પ્રાર્થના

હે પરમાત્મા ! જાણવા મળ્યું છે કે, દુઃખનું મૂળ તો ઈચ્છાઓ છે ! સમુદ્રમાં જેમ પ્રતિક્ષણ મોજાં ઉત્પન્ન થઈ વમળો પેદા કરતાં અંતે કિનારે જઈ ખતમ જઈ જાય છે. તેમ મારા મનરૂપી દરિયામાં પણ પ્રતિક્ષણ જાત–જાતની અને ભાત–ભાતની ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે. તેને પૂરી કરવા જીવ આર્તધ્યાન કરે છે. ગમે તેવા પ્રયત્નો કરે છે. છતાં ઈચ્છાઓ પૂરી ન થાય તો દુઃખી થાય છે. પૂરી થાય તો પણ પાછળ નવી ઈચ્છાઓ તરત જ ઉત્પન્ન થઈ જીવને સતત તડપતો જ રાખે છે. સતત પ્રયત્નશીલ રાખે છે. તે પ્રયત્નોમાં જ લાઈફ ખતમ થઈ જાય છે.

પ્રભુ ! કહે છે, આ ઈચ્છાઓ અંદર પડેલા રાગમાંથી તેય કામરાગમાંથી ઉત્પન્ન થાય છે. પ્રભુ ! મારે હવે દુઃખી થવું નથી. જો આ ઈચ્છાઓ જ મને સતત દુઃખી કરતી હોય તો મારે આ ઈચ્છાઓને જ ખતમ કરી દેવી છે.

પ્રભુ ! તારે દ્વારે એટલા માટે જ આવ્યો છું કે, તું વીતરાગા બની બેઠો છે. પ્રભુ ! કહે, તેં આ ઈચ્છાઓ, આ રાગ–કામરાગ કેવી રીતે ખતમ કર્યો ? અને વીતરાગ સર્વજ્ઞ બન્યો. તેની મને પણ ટેકનોલોજી બતાવ.

પ્રભુ ! ભલે હું વીતરાગ ન બનું પણ મને અનીચ્છ તો બનવું જ છે. બસ માત્ર તને પામવાની જ ઈચ્છા બચે. બાકીની તમામ ઈચ્છાઓ ખતમ થઈ જાય ! હે દીનાનાથ આ ચાકર ઉપર એટલી કરુણા કરો.

## સંવેદના

કેટલાક વ્યક્તિઓનો સ્વભાવ જ શંકાશીલ હોય છે. તે બિચારાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળ થઈ શક્તા નથી.

શંકા એ વ્યક્તિ પરના વિશ્વાસનો ભંગ કરે છે. એકવાર વિશ્વાસ ગયો, શ્રદ્ધા ગઈ પછી તે વ્યક્તિ ઉપરનો આદર ધીરે ધીરે ચાલ્યો જાય છે. પછી કશું બાકી રહેતું નથી.

તેમ, જિનેશ્વર પરમાત્માના વચન ઉપરની શંકા ખૂબ ખતરનાક છે. તે પ્રભુ પ્રત્યેના આદરને જ ખતમ કરે છે. પછી પ્રભુએ કહેલી આરાધનાઓ, સાધનાઓ બધી જ નિષ્ફળ જાય છે. આખી જિંદગી (આદર વિના) કરેલો ધર્મ પણ જીવના ગુણસ્થાનકને વધારી શક્તો નથી. એટલે કે, આત્મવિકાસ કરી શક્તો નથી.

તે રીતે વર્તમાનની અચરિજ પમાડતી ટૅક્નોલોજીનું અત્યંત આકર્ષણ, બુદ્ધિની કરામત નવી નવી શોધો અને વિલાસની ઝાકઝમાળ જો જીવને મૂઢ બનાવે તો પણ માણસ પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાને ખોઈ બેસે છે. માટે સાવધાન થવું, મૂઢ બન્યા વિના જ ટૅકનોલોજી જેટલી આત્મહિતમાં ઉપયોગી થતી હોય તેટલીનો વિવેકપૂર્વક ઉપયોગ કરી વિરાધના ન થાય તેમ વાપરી બાકીનું તો ગોટલા ને છોતરાંની જેમ ઉકરડે ફેંકી હળવા થઈ જવું. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, પ્રભુના વચનો પ્રત્યેની શ્રદ્ધા, પ્રભુએ આપેલ જ્ઞાન–ક્રિયાયોગની શ્રદ્ધા પૂર્વક જીવન ગોઠવી નિઃશંક થઈ ધર્મ માર્ગે આગળ વધવું.

**હેમસૂત્ર** ઈચ્છા વિના પણ ધર્મ કરવાથી અકામ નિર્જરા થાય છે. ઈચ્છાપૂર્વક ધર્મ કરવાથી તો સકામ નિર્જરા થાય છે. જે મોક્ષ સુધી પહોંચાડે.

મન્નહ(ઈ) જિણાણં સજ્ઝાય પર આધારિત...

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૪

26 27 28

ગત અંકથી ચાલુ...

ઉપશમના ગુણ ઉપર આપણે મહામુનિ કૂરગડુની વાત ચાલે છે. ક્ષુધાવેદનીયના ઉદયમાં પણ મુનિએ કેવી ધીરજ રાખી અને માસક્ષમણના મુનિઓ પ્રત્યે કેવો વહેવાર કર્યો. હવે આગળ વાંચો.

મુનિ પાતરું લઈ ગોચરી ખંડમાં ગયા. વિચારે છે, ''લુખો આહાર જાણી તે મુનિવર ઘી નાંખ્યું નવિ કુડુ જી...'' દુનિયાની દૃષ્ટિએ પાત્રામાં થૂંક નાંખ્યું છે. મુનિની દૃષ્ટિએ ઘી નાંખ્યું છે. આ છે આત્મહિતકર પોઝિટિવ થીકિંગ. તેનાથી શું થાય ? આગળ વાંચો. ''આહાર કરી નિજ આતમ નિંદે... શુક્લધ્યાન લય લાગી છે...'' જરાપણ જુગુપ્સા કે છોછ વિના મુનિ આહાર વાપરી ગયા. સાથે સાથે પ્રતિપળ પોતાના આત્માની નિંદા કરતા ગયા.

હે જીવ ! આજે સંવત્સરી છતાં તું ભૂખ્યોને ભૂખ્યો રહ્યો. કેટલાય મહાત્માઓ, શ્રાવક અને શ્રાવિકાઓ આજે મહાપર્વને ઉપવાસાથી ઉજવતા હશે ! હું કેવો દુર્ભાગી, નીચ, ખાઉધરો કે અહીં ખાવા બેસી ગયો. ધિક્કાર હો મારી જાતને !

હે પ્રભુ ! પૂર્વે કેવા કર્મો બાંધ્યા હશે ? તિર્યંચ-ગતિઓમાં જઈ આહારસંજ્ઞા કેવી બળવાન કરી હશે. રાત અને દિવસ ખાધા જ કર્યું હશે. જેથી સાધુ થયા પછી પણ આ ભૂખરૂપી ડાકણ મારો પીછો છોડતી નથી. આવા મહાતપસ્વી મુનિઓના સાન્નિધ્યમાં પણ મને ખાવાના ભાવ ન ગયા તો બીજી ગતિઓમાં મારું શું થશે ?

મુનિ ભાતનો એક એક દાણો ચાવતાં ચાવતાં કર્મોના જથ્થામાંથી કર્મ પુદ્‌ગલોને જ ચાવવા લાગ્યા. સ્વનિંદા અને પરની અનુમોદના કરી ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનના પરમ તેજસ્વી ખંડમાં દાખલ થયા. જેમ જેમ ધ્યાનની ધારાઓ, ક્ષમાનો ભાવ વધતો ગયો તેમ તેમ મુનિ મુનિ મટી ભગવાનનું સ્વરૂપ લેવા લાગ્યા. જોત જોતામાં તો ક્ષપકશ્રેણી માંડી કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરી.

શાસનદેવીએ કહેવાય કે, પેલા ચાર મહાતપસ્વી મુનિઓને ભાવમાર્ગનું દર્શન કરાવવા તથા કેવલીનો ઉત્સવ કરવા ઉપાશ્રયમાં પધાર્યા. ચાર શ્રમણોને પૂછે છે ઓલા તપસ્વી કૂરગડુ મુનિ ક્યાં આગળ ધ્યાન ધરે છે ? ''રોષ ભર્યા જલ્પે તે મુનિવર ઓ જા ખૂણે ખાય રે...'' ચાર મુનિઓ હજુ રોષથી ભર્યા છે. દેવીને કહ્યું તપસ્વી નહીં તે તો ખાઉંધરા છે. તે ધ્યાન શું કરે... ખૂણે બેસી આજે સંવત્સરીના મહાપવિત્ર દિવસે પણ ખાય છે.

ત્યાં તો આકાશમાં દેવદુંદુભિના નાદ થવા લાગ્યા. મુનિઓ ચમક્યા આ દેવો કોનો મહોત્સવ કરવા આવ્યા ? દેવીએ કેવલી મુનિ કૂરગડુ માટે સોનાના કમળની રચના કરી. ચારે મુનિ પામી ગયા. ઓહ ! કેવલીની ભયંકર આશાતના કરી. હે પ્રભુ ! અમારી શી ગતિ હશે ? ખંડમાં આવી ચારે તપસ્વીઓ ચોધાર આંસુએ કેવલીની ક્ષમાપના કરી શુદ્ધ બન્યા.

કેવલી મુનિએ દેશના આપી, આવેલી પર્ષદાને કષાયોને જીતવાનો બોધ આપ્યો. ઉપશમ લાવવાનો આ માર્ગ છે. ઉપશમ ના હોય તો વિવેક ન આવે તેથી સંવરનો લાભ ન થાય. મુનિએ ક્રોધના કાળમાં ઉપશમનું આલંબન લઈ વિવેકી બન્યા. ચાર મુનિઓથી રીસાયા



આત્મહિત કરવું છે ? તો આત્મહિતની કડવી અને કઠિન વાતો પણ જીવનમાં ઉતારવી પડશે.

વિના તેમના તપની અનુમોદના કરી અને ભાવસંવરરૂપ કેવળજ્ઞાનને પળમાં મેળવી અનંતકાલના જન્મ-મરણના ફેરા ટાળી દીધા. આ ઉપશમની કમાલ છે.

ગુસ્સાના કાળે શાંત રહેવું, આત્મહિત થાય તેમ સહન કરતાં રહેવું તે ઉપશમ લાવવાનો માર્ગ છે. ચંડકૌશિકને પ્રભુએ ઉપદેશ આપ્યો અને તેનો ગુસ્સો શાંત કર્યો. ત્યારપછી તે સર્પ પોતાનું મુખ બીલમાં નાખી કેટલું સહન કર્યું ? કીડીઓએ તેનું શરીર વીંધીને ચારણી જેવું બનાવ્યું છતાં તે બધું સમતાભાવે સહન કર્યું



પરિણામ તે આવ્યું કે તે તિર્યંચ ભવમાંથી મુનિ કૂરગડુ બન્યા અને ઉપશમભાવે કેવલી બન્યા.

ભરત મહારાજાને ચક્રવર્તી બનવું હતું. ષટ્ખંડ જીત્યા છતાં ભાઈ બાહુબલી જીતવાના બાકી હતા. તો ભાઈને પોતાને આધીન થવા સમાચાર મોકલ્યા. પણ બાહુબલી કંઈ કાયર ન હતા. કહ્યું, મને રાજ્ય પિતાજી તરફથી મળ્યું છે તને શું કામ આપું ? તો યુદ્ધ માટે તૈયાર થા ! બંને ભાઈઓ વચ્ચે યુદ્ધ મંડાયું. દેવો પણ વિચારવા લાગ્યા. આ બંને બળવાન છે. કોઈ જીતે તે પહેલાં કેટલાયના મસ્તક યુદ્ધમાં રોળાઈ જશે. કરોડોનો કચ્ચરઘાણ અટકાવવા ઈન્દ્ર મહારાજાએ માત્ર બંનેને યુદ્ધ કરવા પ્રેરણા કરી અને બંનેના મુષ્ટિયુદ્ધ, દૃષ્ટિયુદ્ધ વગેરે ચાલુ થયા. બાહુબલી પાછા પડવાનું નામ લેતા નથી. ભરત મહારાજાનો ગુસ્સો આભ ઊંચે જવા લાગ્યો અને પોતાના જ ભાઈ ઉપર ચક્ર છોડ્યું. આ અન્યાય હતો. યુદ્ધ પણ ન્યાયથી લડવાનું હતું. બાહુબલી પાસે ચક્ર ન હતું.

અન્યાય સહન ના થતાં બાહુબલીએ ચક્રની સામે ભરતનું મસ્તક ફોડવા મુઠ્ઠી ઉગામી આવી ભયંકર આવેશ-ક્રોધની પળમાં પણ બાહુબલીની મુઠ્ઠી આકાશમાં જ અટકી ગઈ. તેમણે વિવેક નામનો ગુણ આવ્યો અને પોતાની જાતને પૂછ્યું ભાઈને મારી તું શું મેળવીશ ? પૃથ્વી ને ? કદાચ ષટ્ખંડ મળી જશે પરંતુ ''પૃથ્વીના ટુકડા માટે ભગવાનના બે દીકરા લડી મર્યા.'' આવો ઈતિહાસ એ મારા માટે કલંક છે. નહીં જોઈએ આ રાજા કે ઋદ્ધિ. વિવેકે તેમના ગુસ્સાને ચૂરચૂર કરી નાખ્યો અને સામે વૈરાગ્યનું ભેટણું આપ્યું. ક્ષત્રિય હતા એકવાર પગલું ભર્યું પછી પાછા ન જવાય. મર્દ હતા એટલે મુઠ્ઠીનો ઉપયોગ ભાઈના મસ્તક માટે કરવાના બદલે પોતાના મસ્તક ઉપરથી લોચ કરવામાં કર્યો. તેઓ શ્રમણ બની ગયા અને ભગવાનની પર્ષદામાં જવા યુદ્ધનું મેદાન છોડી સંયમના મંડપમાં દાખલ થયા.

વાત એટલી છે, કે ઉપશમ અંદર પડ્યો હશે તો કટોકટીના સમયે વિવેક - ઔચિત્ય આવશે અને મોટી હોનારતોથી બચી જવાશે. લોહિયાળ ઈતિહાસો બદલી અમૃતના ઈતિહાસો લખવાનું સામર્થ્ય આ ઉપશમ અને વિવેકનું છે. તેથી છેવટે સંવર આવ્યો. બાહુબલી સાધના કરી કેવલી બન્યા. 'ભાન' થયું તે વિવેક, આવું ન કરાય કે આવું કરાય.' તે વિચારણા વિવેક છે. ક્યારે શું છોડવું કે શું પકડવું તે વિવેક કરાવે છે. સાચું પકડાવે, ખોટું છોડાવે.

**જો આપણામાં ઉપશમની યોગ્યતા હશે તો આપણને કોઈક કહી શકશે તો વિવેક જાગશે અને તેથી સંવર આવશે. પરંતુ યોગ્યતા જ નહીં હોય તો ખુદ ભગવાન આવે તોય આપણને ઠારી નહીં શકે.**

બાહુબલીજી ઉપશમભાવવાળા બની સાધુ થયા ત્યાં પાછા માન કષાયમાં ફસાયા. નાના ભાઈઓને વંદન કરવા પડે એના કરતાં 'હું' જ કેવલી થઈ પછી જાઉં ! આ અભિમાને ૧૨માસની કઠોર સાધના છતાં પક્કડ હોવાના કારણે વિવેક ન આવ્યો. પણ યોગ્યતા હોવાથી ભગવાને તેમણે પ્રતિબોધ માટે બહેનો મોકલી બે

Alert World

શબ્દોમાં વિવેક આવ્યો અને 'હું' નું વિસર્જન કર્યું તો સંવર આવ્યો, કેવલી થયા.

પૂજ્યપાદ ગચ્છાધિપતિ કહેતા ''પક્કડવાળા ધર્મને યોગ્ય નથી તેમ સમકિતને પણ યોગ્ય નથી.'' પક્કડનો અભાવ ધર્મની યોગ્યતા છે. તેનાથી સમકિત આવે અને ટકે.

સંઘમાં શાંતિથી સહુની આરાધનાઓ ચાલતી રહે તે ધર્મ છે. પોતે માનેલી તિથિની પક્કડ કે પોતે માનેલા સિદ્ધાંતની પક્કડ તે ધર્મની જ અયોગ્યતા છે. પ્રભુના સિદ્ધાંત કે શાસ્ત્રની કોઈ પણ વાત જીવમાં ઉપશમ લાવનાર છે. તેથી જ આરાધના પ્રાણવાન બને છે. પક્કડ તેનું વિરોધી પાસું છે. જેનાથી સકલ શ્રીસંઘની શાંતિ જોખમાય તે આરાધના કેવી રીતે બને ? ધર્મમાં દૃઢતા તે જુદી વસ્તુ છે. દૃઢતા તો ગુરુ સમજાવે તો જીદ છોડી દે તેને દૃઢતા કહેવાય પણ ગુરુનું ય ન માને અને પોતાની વાત ધર્મની દૃઢતા ગણી ન છોડે નહીં તો તે પક્કડ કહેવાય. આ પક્કડ સમકિતીને ના હોય અને આવી પક્કડપૂર્વક થતો ધર્મ તે ફળદાયક ન બને ક્યાંય પણ પક્કડ તે ખોટું પાસું છે. ત્યાં ધર્મ ન હોય.

**પક્કડ પણ એક જાતનો રાગ છે. પોતાની માન્યતાનો રાગ, પોતાની વિચારધારાનો રાગ, વ્યક્તિની વિચારધારા કે માન્યતા સમજો સાચી જ હોય છતાં તેની પક્કડ ખરાબ છે. વસ્તુમાત્ર સાચી જ હોવી જરૂરી નથી. સાથે સાથે સારી હોવી જરૂરી છે. વળી સાચા કરતાં સારાપણું વધારે સમાધાનકારી સાબિત થતું હોય છે.**

શાસ્ત્રની પંક્તિનો અર્થ કરવા બેસો તો કહેવાય છે, કે ''शब्दानामनेकार्थाः'' શબ્દના તો અનેક અર્થો થતાં હોય છે. તો આ શબ્દનો આજ અર્થ લેવો તે એકાંતવાદ છે ને મિથ્યા છે. સાચો હોવા છતાં મિથ્યા એટલા માટે છે કે, તેના બીજા પણ સાચા અર્થ થઈ શકે છે. તો તેને પણ સ્વીકારવા જોઈએ. તો પ્રશ્ન થાય કે, પછી વ્યવસ્થા કઈ રીતે રહે ? તો કહ્યું, કે જે અર્થ કરવાથી સહુનું આત્મહિત થતું હોય શાસ્ત્રમાં તેનો કોઈ વિરોધ ન આવતો હોય, તેનાથી શ્રીસંઘની શાંતિ જળવાતી હોય, બીજા કોઈ નુક્સાન ન હોય તો તેવો અર્થ વધારે વિશ્વસનીય બને છે. માટે પક્કડ દૃષ્ટિરાગમાં પલટાઈ ન જાય તેના માટે 'સારો' અર્થ પકડવો જોઈએ.

**શ્રી જૈન એલર્ટ ગ્રુપ ભાયખલા** તેમ જ **શેઠશ્રી મોતીશા સાધર્મિક ભક્તિ કેન્દ્ર**ના સથવારે બોરીવલીથી વિરારના **એલર્ટ ગ્રુપો**ની એક **સાધર્મિક ચિંતન સભા**નું આયોજન ભાયંદર (વે.) મુકામે તા.૧-૬-૨૦૨૫, રવિવારે સવારે કરવામાં આવેલું.

આ **સાધર્મિક ચિંતન બેઠક**માં ભાયખલાથી જૈન એલર્ટ ગ્રુપ ઑફ ઈન્ડિયાના સરસેનાધિપતિ **શ્રી નિલેશભાઈ શાહ** તેમ જ **જૈન એલર્ટ ગ્રુપ ઑફ ઈન્ડિયા**ના સરસંચાલક **શ્રી જિનેશભાઈ દોશી** દ્વારા વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જેમાં -

- જેના કોઈ ના હોય તેના તમે થજો.
- તમે કોઈને જે આપશો કુદરત તમને એજ આપશે.
- એલર્ટ ગ્રુપની ખાસિયત બીજા માટે ઘસાઈ જવું તે છે.
- સત્ય પરેશાન થાય છે પણ પરાજિત થતું નથી.
- કોઈપણ સારું કાર્ય શરૂ કરવું હોય તો ૩ વાર ગુરુદેવશ્રીનું નામ લેવું, કામ ૧૦૦ ટકા સફળતા પૂર્વક પાર પડશે.
- નવરા સાથે બેસે તો કદાચ ચાલે પણ નબળા સાથે નહીં બેસવું.
- સાધર્મિક ભક્તિ, જીવદયા, સી.એમ. આર.એફ., માઈનોરીટી, કુસુમાંજલી, એ.ઈ.ઈ., વૈયાવચ્ચ, ઉપાશ્રય શુદ્ધિકરણ, જૈન બોર્ડિંગ, પર્યુષણ દરમ્યાન નાના નાના ગામોમાં જવું વગેરે બીજા અનેક વિષય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આયોજન દરમ્યાન યુવાનો માટે સવારની નવકારશી અને બપોરની સાધર્મિક ભક્તિની વ્યવસથા **એલર્ટ ગ્રુપ ઑફ ભાયંદર (વે)**ના યુવાનો **શ્રી પિયુષભાઈ ધામી** આદી ટીમે સુંદર રીતે સંભાળી હતી.

# પરિણતિની Jain ફિલોસોફી-૭

## રાગત્રયી - ૧

પરમાત્મા **'મોહજીત'** કહેવાય છે. મોહને શાસ્ત્રમાં 'મહામલ્લ' કહ્યો છે. તેને જીતવો અત્યંત દુષ્કર છે. ભલાભલા યોગીઓને પણ ભારે પડે છે. જીવનનું સાચું પરાક્રમ તો આ મોહને જીતવાનું છે. મોહને પરાસ્ત કરવાનું છે. તેની સાથે યુદ્ધ કરી વિજયી થવાનું છે. જે વિજયી થયા તે બધા જ સિદ્ધશીલા ઉપર જઈ અનંતકાલ સુધી સુખના ભોક્તા બની સાદિ અનંત ભાંગે સ્થિર થઈ ગયા!

મોહનો વિજય કરવા પણ કેટલીક વસ્તુઓ જોઈએ તે સિવાય તેની સાથે યુદ્ધનો મોરચો માંડી શકાતો નથી.

સહુ પ્રથમ તો માનવદેહ, તે પણ જૈનકુળમાં જન્મ, વીતરાગ પરમાત્મા અને તેમનું લોકોત્તર શાસન, પંચ મહાવ્રતધારી ગીતાર્થ સંવિગ્ન ગુરુઓ, સર્વજ્ઞ કથિત ધર્મ આ બધું આપણા સહુને મળી ગયું છે. જે વિશ્વના કરોડો લોકોને મળ્યું નથી.

વળી યુદ્ધ કરવા સારું શરીર, સારી બુદ્ધિ, સંપત્તિ આદિ આજે પ્રોપર મળ્યું છે. સામે મોહની તાકાત ઓછી આંકવા જેવી નથી. **દુશ્મનને ક્યારેય નબળો ન માનવો !**

તેણે ભલભલા વીરોને મહાત કર્યા છે. ૧૧મે ગુણઠાણે પહોંલાને પણ પગ ખેંચી પહેલા ગુણઠાણે ફેંકી દીધા છે.

કંડરીક મહામુનિ જેવા મહાસંયમીને બીમારીના બહાને સાતમી નરકના મહેમાન બનાવી દીધા છે.

ભલભલા ધર્મીઓની પથારી ફેરવી નાંખી છે.

ધર્મ નહીં પામેલાને તો આ મોહ પોતાના ઈશારે નચાવી અનંતકાળથી મજા લઈ રહ્યો છે.

ધર્મીઓ સાથે ફાઈટ કરવા તેની પાસે સુભટ જેવા બે દીકરા છે. 'રાગ' અને 'દ્વેષ' આ બન્નેનો વિષય (૨૩) અને કષાય (૧૬)નો મોટો પરિવાર છે. આખાય વિશ્વમાં તેનું સામ્રાજ્ય અજર-અમર ફેલાયેલું છે.

એકપણ જીવ તેના સકંજામાં આવેલો ધર્મરાજની છાવણીમાં ચાલ્યો ન જાય તેની બાજ નજર તે સતત રાખે છે. બધે જ તેના સર્વાઈલ કૅમેરા સતત ગોઠવેલા હોવાથી જીવ જરાક સરખો બહાર નીકળે કે તરત તેના સકંજામાં ઝડપાઈ જાય છે.

થોડાક જ જીવો તેની પક્કડમાંથી છૂટી શકે છે. તે માટે વીતરાગ પરમાત્માની ટેક્નોલોજી સમજવી પડે. તેના વ્યાપક સામ્રાજ્યને સમજવું પડે અને તે પ્રમાણે વ્યુહરચના કરી તેની સાથે ફાઈટમાં ઉતરી શકાય છે.

એકવાત ચોક્કસ છે કે, આ જ મનુષ્ય જન્મમાં જ તે પણ જૈનત્વ મળ્યા પછી વીતરાગ પરમાત્માની કૃપાથી અને ગુરુદેવોના સાન્નિધ્યમાં મોહ સાથેની ફાઈટમાં ઉતરી શકાશે.

જૈનશાસ્ત્રોના મેપ પ્રમાણે અને પૂજ્ય ગુરુદેવોના માર્ગદર્શનથી મોહ રાજાની વ્યુહરચનાને બરાબર જાણી, જો આપણું જીવન ગોઠવીએ તો સફળ થવાના ચાન્સ ઘણા છે. એકલા અને ગુરુતત્ત્વને સાથે લીધા વિના ચાન્સ ખૂબ ઓછા છે.



ચાલો, આ જાણીએ કે આ 'મોહ' શું છે ? કોણ તેને ઉત્પન્ન કરે છે ?

આત્માને મુંજાવે તેનું નામ મોહ! દારૂ પીધેલ માણસ જેમ દિશા વિહિન બની જાય, મુંજાઈ જાય તેમ આત્મા આ મોહની ઉપસ્થિતિમાં દિશા વિહિન બને છે. તેને સાચી-ખોટી વસ્તુની સમજ ચાલી જાય છે. આ મોહને ઉત્પન્ન કરનાર છે. 'અજ્ઞાન' એટલે

કે 'મિથ્યાજ્ઞાન'. અજ્ઞાનથી મોહ ઉત્પન્ન થાય.

તેને હણવાનું શસ્ત્ર છે, સમ્યગ્જ્ઞાન. અંધારાને ભગાવવા જેમ જ્ઞાનરૂપી જ્યોત કરવી પડે ! નાનકડી જ્યોત પણ મહેલના અંધારાને ભગાડી અજવાળું કરે છે.

મિથ્યાજ્ઞાનથી મોહ ઉત્પન્ન થાય તેનાથી જીવમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય.

**જીવ પ્રવૃત્તિ બે રીતે કરે, જ્ઞાન થવાથી અને તેમાં શ્રદ્ધા થવાથી, દરેક જીવને સુખની સૌથી વધારે ડીમાંડ હોય છે. સુખ જીવને સતત જોઈએ. દુઃખ કોઈનેય ન જોઈએ એટલે તેને જે જ્ઞાન છે તેના દ્વારા તેમાં શ્રદ્ધા મૂકી પ્રવૃત્તિ કરે છે.**



હવે, મિથ્યાજ્ઞાન હોય તો શ્રદ્ધા પણ મિથ્યા હોય તેથી તેની પ્રવૃત્તિ પણ મિથ્યા જ થવાની. આમ જ્ઞાન-દર્શન (શ્રદ્ધા)-ચારિત્ર (પ્રવૃત્તિ) તે મિથ્યા ત્રિપુટી આખા જગતમાં છવાઈ ગયેલી છે. આ જ ત્રિપુટી જો સમ્યગ્ બની જાય. સુખ શેમાંથી મળે તેનું જ્ઞાન સમ્યગ્ બને, શ્રદ્ધા સમ્યગ્ બને તો પ્રવૃત્તિ પણ ઓટોમેટિક સમ્યગ્ બને તો સુખ અવશ્ય મળે જ.

મિથ્યા ત્રિપુટીથી જીવો અનંતકાળથી સુખ માટે પ્રવૃત્તિ કરી રહ્યા છે. છતાં હજુ કોઈનાય હાથમાં તે સુખ આવ્યું નથી. જેઓએ આ ત્રિપુટી સમ્યગ્ સમજણથી ઉથલાવી સમ્યગ્ કરી તેઓ ફાવી ગયા અને શાશ્વત સુખના ભોક્તા બન્યા છે.

**'પદાર્થોમાં સુખ છે.'** આ મિથ્યાજ્ઞાન છે. તે સામાન્યથી દરેક જીવોને અનાદિકાળથી છે. આ સુખ મેળવવા જીવે રાગ-દ્વેષનો ઉપયોગ કરી પદાર્થોથી સુખી થવાનો પ્રયત્ન કર્યા કર્યો છે. પરંતુ તે સુખ પદાર્થો ચાલ્યા જતાં કે નાશ થતાં સુખનો પણ નાશ થઈ જાય છે. પાછો જીવ ત્યાંનો ત્યાં જ રહી જાય છે. વળી તે સુખ મેળવવા દુઃખો સહન કરવાના તે જુદા. ટૂંકમાં પદાર્થોથી સુખ મળે છે તે ભ્રમણા છે તે માનવું પડે !

**હવે, વાત એ થઈ કે પદાર્થોમાં સુખ છે. તે જીવની ભ્રમણા માત્ર છે તેવું સમજાઈ જાય તો સાચું સુખ શેમાં છે ? તેની શોધ શરૂ થાય. ભગવાન કહે છે કે, સાચું સુખ તો તારા આત્મામાં જ પડ્યું છે. આત્મામાંથી તું રાગ-દ્વેષ ઓછા કર અંતે નાશ કર એટલે આત્માનું વાસ્તવિક સુખ પ્રગટ થશે જે ક્યારેય જશે નહીં.**

એટલે વાત એ થઈ કે, આ રાગ-દ્વેષને ઓળખવા પડે રાગત્રયી એટલે રાગના ત્રણ વિભાગ શાસ્ત્રકારોએ પાડ્યા છે. અર્થાત્ રાગ ત્રણ પ્રકારે પ્રગટ થાય છે. તે પણ ઉત્તરોત્તર ભયંકર કક્ષાનો છે. તેમ સમજવું - પહેલા કરતાં બીજો અને તે બન્ને કરતાં ત્રીજો ખતરનાક !

**કામરાગ** : આ રાગનો પહેલો વિભાગ છે. અગાઉ કામરાગ વિશે થોડીક વાત થઈ હતી કે, ''પદાર્થોના સંયોગ વિના સુખ ક્યાંથી હોય ?'' આવી ઘર કરી ગયેલી માન્યતા અને તેથી પદાર્થો મેળવવાની ઈચ્છા તે કામરાગ છે. તે સ્વાદમાં સુખ માને, તેવા પડી ગયેલા સંસ્કાર એટલે કામરાગ.

આ રીતે કામરાગના પણ અનેક પાસા છે. તે વિચારીએ. બે શબ્દો છે. કામ અને રાગ. તેમાં કામ એટલે ઈચ્છા અને રાગ એટલે ઈચ્છાનો અત્યંત રાગ. રાગ હોવાથી માણસ તે તે ઈચ્છાઓ પૂરી કરવા જિંદગી ખર્ચી નાખવા તૈયાર થાય. તે ઈચ્છાઓ પૂરી કરવા શરૂઆતમાં કદાચ સારા રસ્તા લે, સીધા રસ્તા લે પણ તે રસ્તે ઈચ્છા પૂરી ન થાય તો ખરાબ અને ઊંધા રસ્તે ચડી જતાં વાર ન કરે. તેમાં છેક અંધ પણ બની જાય. જેને **કામાંધ** કહેવાય. કામાંધ શબ્દ જો કે, મોટા ભાગે વાસનાથી પીડાતા વ્યક્તિ માટે છે. તેની વાસના પૂરી કરવા સામેના નાત-જાત પણ ન જુએ, સામે મા-દીકરીના

સંબંધો પણ ન જુએ આંધળો બની વ્યભિચાર-દુરાચાર કરી બેસે આ કામરાગની ઉત્કટતા છે.

કામ એટલે ઈચ્છા ! માણસને ઈચ્છાઓ પાંચ ઈન્દ્રિયોના જે ૨૩ વિષયો કહ્યા છે. તેની વારંવાર થયા કરે છે. જીવને વિષય સુખો અનાદિ કાળથી સુખની અનુભૂતિ કરાવે છે. જે વાસ્તવમાં તો ભ્રાન્ત સુખો છે. માત્ર સગવડો છે.

**પ્રશ્ન :** સર ! આ ત્રેવીસ વિષયો કયા છે ?

**જવાબ :** સાધુના પક્ખીસૂત્રમાં આ સૂત્ર મૂક્યું છે. 'सद्दा-रुवा-रसा-गंधा, फासाणं पविआरणा ।' શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પ્રવિચાર જીવને આ પાંચે વિષયો ભોગવવાની ઈચ્છા પડી હોય છે. નિમિત્ત મળતાં જીવને તે ભોગવવાની અને તેમાંથી સુખ મેળવવાની તાલાવેલી લાગે છે.

**૧. સદ્દા એટલે શબ્દ -** સાંભળવાની ઈચ્છા તેમાં ત્રણ પ્રકારના શબ્દો કહ્યા.

**(૧) સચિત્ત શબ્દ :** માણસ બોલે તે શબ્દ સચિત્ત કહેવાય છે. કેમ કે, સચિત્ત શરીરમાંથી નીકળ્યો.

**(૨) અચિત્ત શબ્દ :** જડ વસ્તુઓમાંથી નીકળતો શબ્દ. બે જડ વસ્તુઓ ટકરાય અને સુંદર અવાજ નીકળે તે અવાજ સાંભળવાની ઈચ્છા.

**(૩) મિશ્ર શબ્દ :** માણસ ફ્લુટ વગાડે અને ફ્લ્યુટમાંથી નીકળતો શબ્દ જે સચિત્ત-અચિત્ત મિશ્ર કહેવાય. આમ શબ્દના ૩ ભેદ થયા જે **કાનનો** વિષય છે.

**૨. રુવા :** રૂપ જોવાની ઈચ્છા. રૂપમાં મુખ્ય ૫ વર્ણ (કલર) હોય છે. તે વિષય **આંખનો** છે. આંખ પાંચ પ્રકારના રંગો અને તેનાથી મિશ્રિત થઈ ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના રંગો જોઈ અથવા એવા રંગવાળી વસ્તુ જોઈ આનંદ પામે તે વર્ણ મુખ્યપણે પાંચ પ્રકારે છે. ૧) સફેદ ૨) લાલ ૩) પીળો ૪) લીલો ૫) કાળો.

**૩. રસા :** રસનેન્દ્રિયનો વિષય રસ છે તે પણ પાંચ પ્રકારના છે. ૧) ખાટો, તીખો, ગળ્યો, તૂરો, કડવો (ખારો લીધો નથી તેને સબરસ પણ કહેવાય છે.) રસોઈમાં આ બધા રસો ભોગવવાની ઈચ્છા તે પણ કામરાગના કારણે થાય. તે **જીભનો** વિષય છે.

**૪. ગંધા :** ગંધ તે **નાક** (ઘ્રાણેન્દ્રિય)નો વિષય છે. તે સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકાર છે. મચ્છીની દુર્ગંધ તે માછીમારો માટે સુગંધ જેવી હોય છે. તેઓને તેમાં મજા આવે.

**૫. ફાસા : સ્પર્શ** એ **ચામડીનો** વિષય છે તે સ્પર્શ ૮ પ્રકારે કહ્યા છે. તેના ૪ યુગલ છે. તે (૧) ઠંડુ-ગરમ (૨) ભારે - હલકું (૩) કઠણ (કર્કશ) - સુંવાળુ (૪) સ્નિગ્ધ (ચીકણું) - રૂક્ષ (લુખું) આમ ૮ પ્રકાર થયા. એક જ ચીજમાં બે સાથે સ્પર્શ ન હોય. જેમ કે જે ચીજ ઠંડી હોય તે ચીજ તેજ વખતે ગરમ ન હોય. આમ બન્ને વિરોધી સ્પર્શ એક વસ્તુમાં ન હોય એટલે કુલ આઠ પ્રકારના સ્પર્શ. સ્પર્શનેન્દ્રિયને ભોગવવાનું મન થાય. ઉનાળામાં ઠંડા (ચીલ્ડ) ડ્રીંક્સ પીવાની મજા આવે જ્યારે શિયાળામાં હોટ ડ્રીંક્સ ચા-કૉફી પીવાની મજા આવે. આ મજા તે કામરાગ છે. તેનાથી કર્મબંધ થાય - મોહનીય કર્મો બંધાય સાથે બીજા છ કર્મો તો ખરા જ.

એક વાત યાદ રાખજો કે, આત્માનો મૂળ સ્વભાવ તો સ્વસ્થ અને શાંત રહેવાનો છે. પરંતુ તેને ચોંટેલા રાગ અને દ્વેષ અસ્વસ્થ અને અશાંત કરે છે. વળી જીવ મોહનું આલંબન લઈ સ્વસ્થ અને શાંત થવા જાય છે. ત્યારે આવા વિષયો અને કષાયોમાં ફસાઈ વધારે અસ્વસ્થ અને અશાંત બને છે. તેનું મૂળ કારણ તૃષ્ણાથી ઊભો થયેલો કામરાગ છે. જે જીવને ભૂલાવે છે.

ક્રમશઃ

તત્ત્વનો બોધ આત્માને સ્વાત્મામાં રતિ કરાવે છે એટલે પરભાવ-ભવમાં રતિ થતી નથી. હવે તેને સંસાર પુતળીયોના ખેલ જેવો લાગે છે. સંગીત અને વનિતાની મધુર વાણી-અસહ્ય ઘોંઘાટ લાગે છે. તેમાં તેને ત્રાસ લાગે છે. તેને આત્મભાવમાં જ રમવાનું-રહેવાનું મન થયા કરે છે.

# प्रसन्नता बनायें रखें

''व्यवस्था बनायें रखें'' એક ગેધરીંગ હૉલમાં પાટીયું મારેલું. અહીં માણસના જીવનમાંથી ''प्रसन्नता बनायें रखें''નું પાટીયું અણસમજના ભયંકર વાવાઝોડામાં ઉખડીને દૂર ફેંકાઈ ગયું છે. વાત વાતમાં માણસની પ્રસન્નતા, શાંતિ, સમાધિ કેમ તૂટી જાય છે ? જ્યારથી માણસે આ ત્રણે ચીજો બીજા (પદાર્થો) પાસેથી લેવાની સમજ કેળવી છે. ત્યારથી આ રામાયણ સર્જાઈ છે. અણસમજુ માણસની પ્રસન્નતા તો ટોટલ બીજા ઉપર ડીપેન્ડ છે. બીજો માણસ ધારે તો તમને ખુશ કરી શકે અને ધારે તો તમને ગુસ્સે કરી શકે. એટલે તમારી ખુશી અને ગુસ્સાનો રીમોટ કંટ્રોલ તમે બીજા પાસે રાખ્યો છે. જો રીમોટ કંટ્રોલ તમારા જ હાથમાં હોય તો બીજો માણસ તમને શા માટે ગુસ્સે કરી શકે ? અરે માણસની વાત જવા દો એક-બે રૂપિયાની પેન પણ ધારે તો તમને ગુસ્સાની આગમાં શેકી શકે છે !

એક પેન તમને ખૂબ ગમે છે અને કોઈ લખવા લઈ ગયું. તમને જોઈતી હતી ત્યારે ન મળી એટલે મગજ ગયું. કોણ લઈ ગયું ? મારી પેન ! બસ ! સમાધિ ગઈ વિહ્વળતા આવી, ગુસ્સો આવ્યો. મગજ ફાટ ફાટ થવા લાગ્યું. હવે અહીં સમજણના ઘરમાં આવીને વિચારો કે પેન બે રૂપિયાની છે તેના ઉપરનું મમત્વ-મોહ તમને ગુસ્સો કરાવી પ્રેશર વધારી શકે. તમે પ્રેશરના કારણે બેભાન થઈ શકો. હૉસ્પિટલમાં જવું પડે અને કદાચ હાઈ પ્રેશરના કારણે બ્રેઈન હેમરેજ થવાની પણ શક્યતા છે. તેની સારવાર કરતાં આરામથી બે લાખ રૂપિયા હૉસ્પિટલનું બીલ આવી શકે છે.

આપણી પ્રસન્નતા તોડનાર આવી લાખ ચીજો જગતમાં છે. તે બધા જોડે આપણું મમત્વ જોડાયું છે, અપેક્ષાઓ જોડાયેલી છે. પસંદગી-ચોઈસ, આસક્તિ, આશય જોડાયેલો હોવાથી આ ચીજો આપણી પ્રસન્નતાનું સંચાલન કરે છે. જો આપણે ખુદ સમજણના ઘરમાં આવીએ અને મમત્ત્વને જ કાઢી નાંખીએ. **''નત્થિ મે કોઈ નાહં અન્નસ્સ કસ્સઈ એવં અદીણ માણસો અપ્પાણં અણુસાસઈ''** આ જગતમાં મારો આત્મા તેજ મારો છે (શરીર પણ નહિ) જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણો મારા પોતાના છે. તે સિવાય મારું કહી શકાય તેવું કાંઈ જ નથી. અરે જીવનના અંત સુધી ચોંટીને રહેનારું શરીર પણ સમય પૂરો થશે એટલે જીવને છૂટો કરશે. બીજે જવાની ફરજ પાડશે. તો પછી આવી પરાઈ ચીજો ઉપર માટે શા માટે મમત્ત્વ કરવું ! આ જીવનનું તત્ત્વજ્ઞાન છે. તે સમાધિને ટકાવી રાખે છે. મારા ખુદના પેટના જણેલા દીકરા પણ મારા થવાના નથી. પાંખો આવતાં માળામાંથી બાળ પંખીઓ પાંખો ફફડાવી ઉડી જાય છે. તેમ સમય થતાં સંયોગિક તમામ પદાર્થો તારાથી વિખુટા પડી જવાના છે. તો મારું-મારું કરી શા માટે મરવું અને દાઝયા કરવું ?

મારું મારું મત કરો ઓ પ્રાણીયા,
તારું નથી કોઈ એણીવેળા રે,
ખાલી પાપના પોટલા બાંધવા,
થાશે નરકમાં ઠેલં ઠેલા રે...

જ્યારે અંતકાળ આવશે ત્યારે તેં ઘણી મહેનતે ભેગું કરેલું ધન, અત્યંત વ્હાલા દીકરા કે દીકરીઓ, વ્હાલસોયી પત્ની કે વફાદાર નોકરચાકરો, કાળજીથી સજાવેલું ઘર આ બધું જ તારે છોડી જવાનું છે. ચાર દિવસના ચાંદરડામાં ખોટી માયા શા માટે ? મમત્ત્વ છુટ્યું એટલે અપેક્ષાઓ ઘટે તેથી જીવની જળોજથા ઘટે સંકલ્પ-વિકલ્પો ઘટે તેમ તેમ સમાધિ-પ્રસન્નતા જીવની વધતી જાય અને આ પ્રસન્નતાથી જીવાતું જીવન જ ખરેખર જીવન છે. જ્યાં પ્રસન્નતા નથી ત્યાં પ્રભુનો ધર્મ થવો પણ શક્ય નથી. પ્રસન્નતા અને શાંતિ વિનાનું સામાયિક કેવું ? અષ્ટપ્રકારી પૂજા કેવી ?

મમત્ત્વ જવાથી આત્મામાં થતા કષાયો અટકે અને એક એવી જ્ઞાનજ્યોત પ્રગટે કે, માણસ ખુદના અનુશાસનમાં આવી જાય તેને હવે પર પદાર્થો, બીજા માણસો સુખી કે દુઃખી ન કરી શકે. તેના સુખ દુઃખની વ્યાખ્યા પદાર્થોને સંબંધિત ન હોય. સ્વસંબંધિત હોય. માણસ ત્યારે માત્ર દૃષ્ટા બને. કર્તા ન બને અને સહજ સમાધિમાં રમવા લાગે.

## ધર્મી કેવો ?

આ. હેમરત્નસૂરિ

એપ્રિલના અંકનું ચાલુ...

ગોળમેજી પરિષદમાં બધા નેતાઓ પોતાની પ્રેયસીઓને કે પત્નીઓને ભેગી લઈને આવેલા. બાપુને પૂછવામાં આવ્યું કે તમારી પાર્ટનર ભેગી નથી લાવ્યા ? બાપુએ તરત પોતાની લાડકી બતાડીને કહ્યું કે, આ રહી મારી પાર્ટનર સાથેને સાથે જ હોય છે, રાજીવગાંધી અને મોહનગાંધીમાં આ જ મોટો ફર્ક હતો. રાજીવજી સોનિયાજીને સાથે લઈને ફર્યા ત્યારે ગાંધી બધે લાકડી અને પોતડી પહેરીને ખુમારીથી ફર્યા. રાજીવમાં કોઈ ખુમારીનો અંશ ન હતો. બાફેલા બટેટા જેવો સાવ ભદ્દો આ માણસ હતો.

તમે જ્યાં સુધી ધર્મી નહિ બનો ત્યાં સુધી તમે પણ આવા પોચલાં અને ફોસી જ રહેવાના છો. ધર્મ આત્માને બળવાન્ બનાવે છે. એક સુભાષિતમાં કહેવાયું છે, કે **"શૂરસ્ય જૈનધર્મોસ્તિ ન તુ કાયરસ્ય"** જૈનધર્મ કાયરોનો નથી શૂરવીરોનો છે.

આ શાસનમાં રાષ્ટ્રરક્ષા કાજે આખા કુટુંબને ફના થવા દેતા મંત્રી **કલ્પક** થયા છે.

જે યુધ્ધમાં એક કરોડ એંશી લાખ સૈનિકોનો ખાત્મો બોલ્યો હતો, તે ખલ-મુશલ યુધ્ધમાં અણનમ ઊભા રહેનારા મહારાજા **ચેડા** થયા છે. જેઓ બાણને પણ પૂંજીને વાપરતા હતા.

અર્ણોરાજ સામેના યુધ્ધમાં માત્ર કલભપંચાવન હાથી અને મહાવત બેની સહાય પર ઝઝૂમતાં ગુર્જરેશ્વર મહારાજા **કુમારપાલ** થયા છે.

સાધુની સામે આંગળી કરનારા માણસની આંગળીઓ કપાવી નાંખનાર **વસ્તુપાળ** અને **તેજપાળ** થયા છે.

પ્રભુ મહાવીરના સવસરણમાં ગોશાલકના બેફામ પ્રલાપો સામે ફાઈટ કરનારા **સર્વાનુભૂતિ** અને **સુનક્ષત્ર** થયાં છે.

નંદરાજાઓની સામે જ્યોતિષ આગાહીઓનો સચોટ પડકાર ફેંકનાર **ભદ્રબાહુ સૂરીશ્વરજી** થયા છે.

બેન સાધ્વીજીની મુક્તિ કાજે હાથમાં તલવાર લઈને યુધ્ધે ચડેલા જૈનાચાર્ય **કાલકસૂરીશ્વરજી** થયા છે.

વિનયરત્ન નામના જાસૂસ સાધુએ ઉદાયીરાજાનું મસ્તક વાઢી નાંખ્યું તો જૈનશાસનની આબરૂ કાજે જાતે જ ગરદન પર કટાર ચલાવી મૃત્યુને ભેટનારા **કાલિક-સૂરીશ્વરજી** પણ થયાં છે.

જિનમૂર્તિની રક્ષા કાજે શિષ્યોના મસ્તકે મૂર્તિઓ ઉપડાવી તેમને રવાના કરી પોતે એકલા ઊભા રહીને તીર્થરક્ષા કરનારા **યક્ષદેવસૂરીશ્વરજી** પણ આ જ સંઘમાં થયા છે.

અંતરીક્ષજીતીર્થમાં પૂજારીને લાફો મારી દેનારા પૂજ્યપાદ આચાર્ય **સાગરાનંદ સૂરીસ્વરજી** મહારાજા અને કાપરડાતીર્થની રક્ષા કાજે દરવાજાના કિલ્લા પર દાંડો લઈને ઉભા રહી જનારા પૂજ્યપાદ **આચાર્ય નેમિ-સૂરીશ્વરજી મહારાજા** પણ આ કાળમાં જ થયા છે.

વિ.સં.૨૦૩૭માં હું અંતરીક્ષજીમાં હતો. ખાસ તીર્થરક્ષાર્થે જ ગુરુદેવે મને મુંબઈથી મોકલ્યો હતો. પ્રભુજીને લેપ કાર્ય શરૂ થઈ ગયું હતું, પણ દિગંબરોએ તોફાન મચાવી તે બંધ કરાવ્યું હતું. દેરાસરની પાછળના







ભાગની ધર્મશાળા શ્વેતામ્બરની હોવા છતાં તે લોકોએ આક્રમણ કર્યું હતું. કોર્ટમાં તે અંગેના કેસ ચાલુ હતા.। મારી હાજરી દરમ્યાન જ કેસ આપણે જીતી ગયા હતા અને ધર્મશાળા શ્વેતામ્બર સંઘની સાબિત થઈ હતી. કોર્ટનું જજમેંટ આવી જતાં આપણે એ ધર્મશાળાનો ઉપયોગ શરૂ કર્યો હતો. ૪૦ ઠાણા સાધ્વીજીઓનો ઉતારો ત્યાં રાખવામાં આવ્યો હતો. દિગમ્બરોને આ વાત આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. તે લોકો કોઈપણ રીતે ધર્મશાળા ખાલી કરાવીને ફરી ત્યાં તાળા મારવા ઈચ્છતા હતા. ધમાલ મચાવીને ત્યાં ૧૪૪ની કલમ દાખલ કરાવી દેવાની તેમની નેમ હતી.

એક દિવસ તેમણે ૨૦ ભાડૂતી ગુંડાઓને તેડાવ્યા. પોતાની ઑફિસમાં સંતાડી રાખ્યા. શ્વેતામ્બર પૂજારી ધર્મશાળા પાસેથી પસાર થતો હતો ત્યારે એક ગુંડાએ તેને ધક્કો મારીને કહ્યું, કે દેખતા નહિ હૈ, સીધા ચલ, આપણો પૂજારી પણ ઉશ્કેરાયો અને મારામારી શરૂ થઈ ગઈ. ધર્મશાળામાં મારી સાથે જે યુવાનો રોકાયેલા હતા. તે બધા ત્યાં દોડી ગયા. પેલા રીઝર્વ રાખેલા ગુંડા પણ તે પૂર્વે બહાર આવી ગયેલા. ધર્મશાળાના ગ્રાઉંડમાં તુમુલ યુદ્ધ સર્જાયું ત્યારે હું બહારની ધર્મશાળામાં હતો. સમાચાર મળતાં જ ત્યાં દોડી ગયો. જોતાં લાગ્યું, કે પરિસ્થિતિ ગંભીર છે. સામ સામે પથ્થરમારો ચાલુ હતો. આપણા યુવકોના માથા વધેરાઈ ગયાં હતાં. યુવકો લોહી નીંગળતી હાલતમાં બચાવકાર્ય કરી રહ્યા હતા, પણ ગુંડાઓની એક જ નેમ હતી કે ધર્મશાળા પર હુમલો કરવો, સાધ્વીજીઓને ભગાડવા અને ધર્મશાળાનો કબ્જો કરી લેવો. ધર્મશાળાની રૂમના પ્રવેશ દ્વાર પર ઊભો રહી ગયો હતો. બાકીના બધા બારણા બંધ હતા. ગુંડાઓએ મુખ્ય દ્વારને પોતાનું નિશાન બનાવ્યું. સતત પથ્થરમારો ચલાવીને પહેલાં જૂના બારણાંઓને હલાવી નાંખ્યાં પછી બાવડાનું જોર લગાવીને બારણાં મૂળમાંથી ખેંચી નાંખ્યા. આખું ટોળું એકાએક અંદર ધસી આવ્યું. સમયસૂચક્તા વાપરીને તે રૂમના સાધ્વીઓને તરત આગળના રૂમમાં દાખલ કરી દીધા. એક રૂમમાંથી બીજા રૂમમાં જવાનું જે દ્વાર હતું ત્યાં હું અણનમ બનીને ઊભો રહી ગયો. આ બારણેથી હવે જો તે લોક અંદર પ્રવેશે તો ૪૦ સાધ્વીજીઓના જાનનું તથા શીલનું ભારે જોખમ હતું. આ બારણેથી હવે હટાય તેમ હતું જ નહિ. ગુંડાઓ એક બારણું તોડ્યા બાદ ફોર્મમાં હતા. તેમને આગળ વધવું હતું, પણ હું અવરોધરૂપ હતો. તેમણે લાઠી ઉગામી. શસ્ત્રો ઉગામ્યા. ડરાવીને ભગાડવાનો પ્રયત્ન કર્યો. પણ હું ટસનો મસ ન થયો. તેઓ વિફર્યા અને છુટ્ટા હાથે લાકડીઓ વીંછવા લાગ્યા. ખૂનની ધારાઓ છૂટી પણ હું


અંતરીક્ષજી મહાતીર્થ

ત્યાંથી ન હટ્યો તે ન જ હટ્યો. તેમણે વધુ આક્રમક સ્વરૂપ ધારણ કર્યું. તેમના ચહેરા જોતા જ લાગ્યું કે હવે તેઓ મને પતાવી નાખવાના મૂડમાં છે. અંતિમ મરણાંત ઉપસર્ગ જાણી બારણા વચ્ચે જ મેં ચારે આહારનો ત્યાગ કરી સાગરિક અનશનનો સ્વીકાર કર્યો. બારણું રોકતાં વચ્ચે જ કાયોત્સર્ગ શરૂ કર્યો. ચોથો લોગસ્સ ચાલતો હતો અને એકાએક ચમત્કાર સર્જાયો. બહાર પોલીસવાન આવી પહોંચી. હવામાં ગોળીબાર કર્યો. માઈક પર એનાઉંસ થયું કે જો બહાર દિખેગા વો શૂટ હો જાયેગા. 'શૂટ એટ સાઈટ'નો ઑર્ડર નીકળ્યો. ભાડૂતિ ગુંડાઓ એક પળનો પણ વિલંબ કર્યા વિના ઊભી પૂંછડીએ સીધા પાછલા બારણેથી રફૂચક્કર થઈ ગયા. પોલિસે ધર્મશાળામાં પ્રવેશ કર્યો. અમે ઘણા બધા સાધુ-સાધ્વીઓ લોહીલુહાણ સ્થિતિમાં હતા. ભિક્ષાપાત્રોના ભુક્કા બોલી ગયા હતા. પાણીના ઘડાઓ ફૂટી ગયા હતા. બધી પરિસ્થિતિ પોલીસે નિહાળી. હવે અમે સહુ ભયમુક્ત છીએ એવી ખાત્રી થતાં મેં કાયોત્સર્ગ પાળ્યો અને આંખે દેખી ઘટનાનું સ્ટેટમેંટ પોલીસને લખાવ્યું.

દાદાશ્રી અંતરીક્ષ પ્રભુ અને પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યકૃપાએ કોઈ તન-મનમાં અપૂર્વ બળનો સંચાર થયો હતો. કાયોત્સર્ગના પ્રભાવે મરણાંત ઉપસર્ગો પણ દૂર હડસેલાઈ જાય છે. એ અનુભવ મેં પ્રથમવાર કર્યો હતો. પૂર્વે એવા પ્રસંગો સાંભળેલા પણ જાત અનુભવ મને અંતરીક્ષજી તીર્થમાં થયો.

મારે તમને કહેવું છે કે ખુમારી વિના રાષ્ટ્રરક્ષા તો શક્ય નથી. કિન્તુ તીર્થરક્ષા પણ શક્ય નથી. **જ્યારે આવો ખરાખરીનો જંગ જામ્યો હોય ત્યારે "અહિંસા પરમો ધર્મ" કરીને ઘર ભેગા ન થઈ જવાય. તે વેળાએ મર્દ બનીને સામી છાતીએ ઊભા રહેતા શીખવું જોઈએ.** આજે આવા મરણીયા બને એવા યુવાનો કેટલા મળશે ? અંતરીક્ષજીની લડાઈ વેળાએ તો એક જુવાન આવ્યો હતો. દોઢસો દોઢસો યુવાનો દિવસ-રાત મારી સાથે રહેતા હતા. લોણાર, બાલાપુર, ખામગામ, આકોલા અને મુંબઈના યુવાનો એમાં મોખરે હતાં. લોઢું બરાબર તપેલું હતું પણ સદૈવ આપણી નીતિ શ્વે.દિગંબર ભાઈ-ભાઈની રહેતી આવી છે. તે લોકો જોર જુલમ કરીને બધું પડાવી ગયા છે, તે આપણે સમાધાન કરીને કે કોર્ટે લડીને પાછું મેળવવાનું છે.

આવા પ્રશ્નો મક્ષીજી, શિખરજી, કેશરીયાજી આદિ અનેક તીરર્થોમાં સર્જાયા છે. તમારી પાસે જો ખુમારી નહિ હોય તો તમે તમારો વારસો જાળવી નહિ શકો.

બાબરી મસ્જીદના પ્રશ્ને હિંદુ યુવાનોમાં એક પ્રચંડ ખુમારીનું પ્રાગટ્ય થયું હતું. ૩૫૦ વર્ષમાં જે મસ્જીદની એક કાંકરી કોઈ ખરવી નહોતું શક્યું તે મસ્જીદને ધિંગા યુવાનોએ માત્ર સાડાત્રણ કલાકમાં જમીન દોસ્ત બનાવી દીધી હતી. મુલાયમસિંહ યાદવે જાહેર કરેલું કે 'યહ મસ્જિદ મેં એક ચીડીયા કો ભી ઘૂસને નહિં દુંગા. ત્યાં જાનની પરવા કર્યા વિના લાખો યુવાનો ધસી ગયા હતા. સેંકડો યુવાનો માર્યા ગયા હતા. પથ્થરો બાંધીને તેમના મૃતકો સરયૂનદીને હવાલે કરી દેવાયા હતા. સરયૂજીના શ્વેત શીતલ જલ પણ રક્તરંજિત બનીને વહેવા લાગ્યા હતા. ઘણા વર્ષો બાદ ફરી આ દેશમાં એકવાર ખુમારીની ઝલક જોવા મળી હતી.

મારે તમને ભલામણ કરવી છે, કે તમે સાવ માયકાંગલા ન રહો. શૂરવીર બનો, ઍલર્ટ બનો અને તીર્થરક્ષા, ધર્મરક્ષા, સંસ્કૃતિરક્ષા અને રાષ્ટ્રરક્ષાના કાર્યોમાં ઝંપલાવો. આ જીવનને ધન્ય બનાવી લો. યુવાનીમાં જ આવું કશુંક શક્ય બનશે.

પ્રવચનનો આરંભ આપણે સંકેત, સંકલ્પ અને સિધ્ધિના સંયોજનથી કર્યો હતો. સિધ્ધિની આડે અવરોધરૂપ પ્રથમ ઉપાધિ વેસ્ટર્ન સ્ટાઈલની જીવન પદ્ધતિ વિચારી. બીજી ઉપાધિ ફેમિલી પ્રોબ્લેમની વિચારી. ત્રીજી ઉપાધિ શારીરિક રોગોની વિચારી. ચોથી ઉપાધિ ટેન્શનની વિચારી. આ બધાનો વિનાશ બળ નહિ પણ કળ દ્વારા થાય છે. એ કળનું નામ છે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પાલન ! જેમણે દર્શાવેલ ધર્મનું પાલન ! એ સંપ્રાપ્ત થયા બાદ જે ખુમારી પ્રગટે છે તેના દ્વારા કર્મનો વિનાશ, ધર્મરક્ષા, તીર્થરક્ષા, સંસ્કૃતિરક્ષા અને રાષ્ટ્રરક્ષાના કાર્યો પાર પાડી શકાય છે.

# વંદે શાસનમ્ ટીનેજર્સ શિબિર

**સ્થાન : મણીલક્ષ્મી તીર્થ (ગુજરાત)**
**નિશ્રા :** યુવાહૃદય સમ્રાટ્ આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્નો
**પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા-૯
**પ્રવચન :** પૂ.મુનિશ્રી **યશોજયરત્ન** વિ.મ. તથા પૂ.મુનિશ્રી **મહર્ષિરત્ન વિ.મ.**
**આયોજક : શુભોદય ફાઉન્ડેશન - બોરીવલી (વે.)**
**સંચાલન : જૈન એલર્ટ ગ્રુપ ઓફ ચરોતરના યુવાનો**

પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં ૩૦૦ ઉપરાંત બાળકો (૧૨ થી ૨૦ વર્ષ)ની શિબિર ગુજરાતના મણીલક્ષ્મી તીર્થમાં યોજવામાં આવી હતી. તીર્થમાં **હેમલભાઈ** - પેટલાદ તથા **હાર્દિકભાઈ** આણંદ વગેરે યુવાનોએ અગાઉથી બુકિંગ તથા બાળકોને લોજીંગ, બોર્ડીંગની સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

ચરોતર વિસ્તારના એલર્ટ ગ્રુપના યુવાનોએ બાકીની વ્યવસ્થામાં બાળકોનું રજીસ્ટ્રેશનથી લઈ વિવિધ સ્થળોએથી બાળકોને આવવા જવાની વ્યવસ્થા સંભાળી હતી. મુંબઈથી આવનાર ૧૩૦ જેટલા બાળકોનું ટ્રેનમાં અપ-ડાઉન બુકિંગ તથા આવવા-જવાની વ્યવસ્થા થાણાથી **પ્રિન્સ ધોકા,** વિરારથી **સમકિત શાહ** તથા ભિવંડીથી **સુમિત જૈને** સંભાળી હતી.

તા. ૩ના સવારે ૩૦૦ ઉપરાંત બાળકો તીર્થમાં પધારી ગયા હતા. જેમાં બોરડી વિદ્યાલય બોર્ડિંગના પણ ૪૦ જેટલા ટીનેજર્સ હતા.

સવારે ૯-૩૦ કલાકે ઉપસ્થિત દાતાઓ પૈકી **શ્રી જિનેશભાઈ શાહ** - આણંદ તથા **શ્રી મિહીરભાઈ શાહ** - વડોદરા તથા **હેનલભાઈ** આદિ દ્વારા દીપક પ્રગટાવી શિબિરનો આરંભ કરવામાં આવ્યો હતો.

સંગીતકાર **સંકેત શાહ** - અમદાવાદે **'ભુવનભાનુના અજવાળા'** ગીત લઈ બાળકોને આનંદિત કર્યા હતા. પૂ.પં.શ્રીએ પ્રારંભિક માંગલિક તથા **"શિબિરોએ કરેલી કમાલ"**ની થોડીક વાતો કહી. બનાવેલ શીડ્યુલ પ્રમાણે સેશન ચાલુ કરવામાં આવ્યા હતા.

એન્કર **રીકેશ શાહ** - નડીયાદ તથા **પ્રિત શાહ** - સુરત દ્વારા બાળકોને વિવિધ ગેઈમ તથા આયોજનો દ્વારા શિબિર દરમ્યાન જ્ઞાન સાથે ગમ્મત પીરસી પાંચે દિવસ સુંદર માહોલ બનાવી રાખ્યો હતો.

બન્ને પ્રવચનકાર મુનિઓએ **'આત્મા', આપણી મર્યાદાઓ, ડિસીપ્લીન, જૈન ધર્મની પ્રધાનતા, સૂત્રાર્થની વિશેષતા, વિવિધ કથાઓના** માધ્યમથી સુંદર ઘડતરના પ્રયોગ કર્યા હતા. આપણા તીર્થો, સાધુ-સાધ્વીજીનું શ્રીસંઘમાં સ્થાન વગેરે જ્ઞાન-દર્શન અને ચારિત્રનો પરિચય કરાવતા પ્રસંગો દ્વારા શિબિરને બાળકો દ્વારા યાદગાર બનાવવામાં આવી હતી.

શિબિર દરમ્યાન વિવિધ એક્ટિવિટી બાળકોને કરાવવામાં આવી હતી. જેવી કે, **◆ જિનશાસન થિંક ટેંક ◆ કૌન બનેગા જ્ઞાની ◆ પાર્શ્વ એરલાઈન્સ ◆ ટેલેન્ટ હંટ ◆ ગ્રીટીંગ ટુ મોમ એન્ડ ડેડ ◆ ટ્રેઝર હંટ ◆ મ્યુઝીકલ અંતાક્ષરી ◆ ફન એન્ડ ફેર ◆ IPL ક્વિઝ કોન્ટેસ્ટ ◆ માય ગોડ માય વિઝન**

આ સિવાય **ગુરુ સમર્પણમ્, માતૃ-પિતૃ વંદના, અહો ! જિનશાસનમ્**ના સંગીતમય કાર્યક્રમ તથા ૩૦૦ દીવડાઓ સાથે બાળકો દ્વારા મુખ્ય જિનાલયમાં **રાજા કુમારપાળની આરતિ** કરવામાં આવી હતી. સાથે પાંચ દિવસમાં કુલ ૧૮ કલાકના પ્રવચનો પણ થયા હતા.

શિબિર દરમ્યાન અનેક સ્પર્ધાઓ પણ મુકવામાં આવી હતી. જેના પોઈંટ બાળકોને તરત જ આપવામાં આવતા હતા. બાળકોની ડિસીપ્લીન, હાજરી, એટીટ્યુટ અને પોઈંટ કલેક્શનને ધ્યાનમાં લઈ ૫ બાળકોને સુંદર ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. ટોપ ૧૦ બાળકોને પણ ગીફટ દ્વારા તથા સંગીત સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્તીર્ણ ૩-૩ બાળકોને વિશેષ ગીફ્ટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક બાળકોને કોમન ગીફ્ટ પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમના શોર્ટ વિડિયોઝ શેર થતાં અનેક માતા-પિતાઓ તરફથી સુંદર પ્રતિભાવો મળવા લાગ્યા હતા.

શિબિરના કાર્યક્રમ દરમિયાન મણીલક્ષ્મી તીર્થના સ્ટાફે પણ સુંદર સહયોગ આપ્યો હતો. બાળકોની ત્રણે ટાઈમ દિલથી ભક્તિ કરી હતી.

**: શિબિરના દાતાશ્રીઓ :**

**(૧) માતુશ્રી લતાબેન અમૃતલાલ શાહ - ખર્ડી હસ્તે સ્નેહલભાઈ શાહ (બોરીવલી) (૨) શ્રી ચાણસોલ જૈન સંઘ - ચાણસોલ, તા.ખેરાલુ, જિ.મહેસાણા. (૩) માતુશ્રી નયનાબેન વિનોદભાઈ મહેતા - બોરીવલી (૪) શ્રીમતી રીટાબેન દીલીપભાઈ મહેતા - સુરત (૫) માતુશ્રી સરોજબેન રોહીતભાઈ શાહ - આણંદ, હ.જિનેશભાઈ (૬) માતુશ્રી સુખીયાદેવી ગૌતમચંદજી મહેતા, સુરત. હ. સુરેન્દ્રભાઈ (૭) મણીલક્ષ્મી તીર્થ પરિવાર. હ. દિનેશભાઈ (૮) એલર્ટ ગ્રુપ ઓફ નિઝામપુરા, વડોદરા. હ. મિહિરભાઈ (૯) પુણ્યવર્ધક સામાયિક મંડળ, કેનાલ રોડ, સુરત. ભટાર રોડ શ્રીસંઘના ભાઈઓ. (૧૦) શ્રી સંકેતભાઈ તથા શ્રી કુણાલભાઈ આદિ.**

# એલર્ટ ગ્રુપના યુવાનો દ્વારા કરાતી વિવિધ સુંદર એક્ટિવિટી



ડોમ્બીવલી ગ્રુપ દ્વારા નૂતન કાર્યાલયનું ઉદ્‌ઘાટન



એલર્ટ બેન્ડ દ્વારા દરેક મિત્રે ખૂબ સુંદર પરફોર્મન્સ આપ્યું.



જામનગર ગ્રુપ દ્વારા ગરીબોમાં છાશ વિતરણ















જામનગર ગ્રુપ દ્વારા મેડિકલ કેમ્પનું સુંદર આયોજન











જામનગર ગ્રુપ દ્વારા પાંજરાપોળમાં જઈ ગાયોને કાકડીનું ભોજન કરાવ્યું.



RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026

**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514